GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ રીડીંગ અને તેની સાહિત્યિક ગુણવત્તા

ડૉ. છાયાબેન બી. જંગમ
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી આઈ.જે.પટેલ એમ.ઍડ. કોર્સ, મોગરી

ડૉ. પિન્કીબેન એન. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી આઈ.જે.પટેલ એમ.ઍડ. કોર્સ, મોગરી

પ્રસ્તાવના:–

આજના ટેકનોલોજી યુક્ત યુગમાં માહિતી પ્રાપ્ત કરવાની પદ્ધતિઓમાં પરિવર્તન આવ્યું છે. ડિજિટલ રીડીંગ એ વાંચનની એવી પ્રક્રિયા છે જે ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે સ્માર્ટફોન, ટેબલેટ, કમ્પ્યુટર કે ઈ–રીડર્સ દ્વારા થાય છે. ટેકનોલોજીના વિકાસ સાથે વાંચન પધ્ધતિઓમાં પણ ધરખમ ફેરફાર આવ્યો છે. પરંપરાગત છાપેલા પત્ર, પુસ્તકો અને સામયિકોની જગ્યાએ હવે ડિજિટલ પ્લેટફોર્મ્સ જેવા કે ઈ– બુક,બ્લોગ્સ, ઓનલાઇન લેખો અને મોબાઈલ એપ્લીકેશન્સનો ઉપયોગ વધી રહ્યો છે.

ડિજિટલ રીડીંગ એ માહિતી મેળવવાનો અદ્યતન અને ઝડપી માર્ગ છે. તેમાં ઈ–બુક્સ, પીડીએફ ફાઈલ્સ, વેબસાઈટનાં લેખો, બ્લોગ્સ,ઓનલાઈન ન્યૂઝ, અને એજ્યુકેશનલ એપ્લીકેશનનો સમાવેશ થાય છે. આ રીતે વાંચન એ સમયસાપેક્ષ બન્યું છે. અને જગતના કોઈપણ ખૂણે વાંચકને કોઈપણ વિષયની માહિતી સરળતાથી પ્રાપ્ત થઇ શકે છે.

ડિજિટલ રીડીંગ માત્ર વાંચન સુધી સીમિત નથી રહ્યું,પણ તેમાં ઈન્ટરએક્ટીવ ફીચર્સ જેમ કે હાઈલાઈટ્સ કરવું, નોટસ બનાવવી, શબ્દોના અર્થ શોધવા તથા ટેક્સ્ટ ટુ સ્પીચ જેવી ટેકનીકનો સમાવેશ થાય છે.

ડિજિટલ રીડીંગ એ 21 મી સદીનું એક ક્રાંતિરૂપ અવતરણ છે, જે વાંચકો માટેનો દ્રષ્ટિકોણ બદલવામાં સહાયક બન્યું છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

- ડિજિટલ રીડીંગનું સ્વરૂપ:–

ડિજિટલ રીડીંગ(Digital Reading) એ વાંચનનું એવું સ્વરૂપ છે. જેમાં વાંચક મુદ્રિત પુસ્તક, પત્રિકા કે અખબારના બદલે ડિજિટલ ઉપકરણો દ્વારા માહિતીનું વાંચન કરે છે. આજે ટેકનોલોજીના વિકાસ સાથે :– ડિજિટલ રીડીંગનું પ્રમાણ વધી રહ્યું છે.

ડિજિટલ રીડીંગમાં નીચેના સ્ત્રોતોનો સમાવેશ થાય છે.

- E- Books (ઈ– બુક્સ):– ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધપુસ્તકો જેમ કે PDF, ePub, MOBI વગેરે જેવા સ્માર્ટફોન, ટેબ્લેટ કે ઈ–રીડર જેવી ડિવાઈસ પરથી વાંચી શકાય છે.

ઉદાહરણ: Kindle, Google Books

- ઓનલાઈન લેખો અને બ્લોગ્સ:– ન્યૂઝ વેબસાઈટ, બ્લોગ્સ,મિડિયમ જેવી સાઈટ પર ઉપલબ્ધ લેખો કે માહિતીનું વાંચન કરી શકાય છે.
- ડિજિટલ મેગેઝીન અને અખબાર :– ઈન્ડિયા ટૂડે, દિવ્યભાસ્કર, સન્ડે મેગેઝીન જેવી સામગ્રી હવે ડિજિટલ ફોર્મેટમાં એપ્લીકેશન કે વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે.
- મોબાઈલ એપ્લીકેશન આધારિત વાંચન:– Duolingo Google News, Pocket જેવી એપ્લીકેશન જે વાંચકોને વિવિધ વિષયો પર માહિતી મેળવવામાં સહાય કરે છે.
- ઇન્ટરએક્ટિવ રીડીંગ પ્લેટફોર્મ્સ:–એ એક શિક્ષણ પદ્ધતિ છે. જેમાં વિદ્યાર્થી માત્ર વાંચન કરતો નથી, પરંતુ વાંચન પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લે છે.આ પદ્ધતિ બાળકો અને શીખનારા માટે વાંચનને વધુ રસપ્રદ અને અર્થપૂર્ણ બનાવે છે.
- Audiobooks (શ્રાવ્ય પુસ્તકો) :– એ એવા પુસ્તકો હોય છે જેને તમે વાંચવા ને બદલે સાંભળી શકો છો. એ વિશેષ રીતે ઉપયોગી હોય છે. જયારે

તમને વાંચવાનો સમય ન હોય

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

મુસાફરી દરમિયાન સમય વિતાવવો હોય

દ્રષ્ટીની સમસ્યા હોય

તમે સાંભળીને શીખવા ઈચ્છતા હોવ

- સાહિત્યિક ગુણવત્તા માટેના પરિબળો નીચે મુજબ છે.

સાહિત્યિક ગુણવત્તા માટેના પરિબળો ( Factors for Literary Quality) એ એવા તત્વો છે કે જે કોઈ સાહિત્ય કૃતિને ઉંડાણપૂર્વક મૂલ્યવાન અને અસરકારક બનાવે છે.

**૧. વિષયની મહતા (Significance of Theme)**

* કૃતિનો વિષય જીવનના મુખ્ય પ્રશ્નો કે મૂલ્યો સાથે સંકળાયેલા હોવા જોઈએ.

* માનવજીવન, સમજ,સંસ્કૃતિ, અને આંતરિક માનસિકતાનું પ્રતિબિંબ હોવું જોઈએ.

**૨.કલાત્મક અભિવ્યક્તિ (Artistic Expression)**

* ભાષા અને અભિવ્યક્તિમાં શૈલી, અલંકાર, સુંદર રચનાત્મક હોવી જોઈએ.

**૩. વસ્તુની વૈવિધ્યતા અને નવીનતા (Originality and Novelty)**

* કૃતિમાં નવી દ્રષ્ટી,વિચારો અને અભિગમ હોવો જોઈએ.

* પ્રમાણિકતા અને તાજગી હોવી જોઈએ,નકલ કે પુનરાવૃત્તિ નહિ.

**૪.પાત્રચિત્રણ અને સંવાદ (Characterization and Dialogue)**

* પાત્રો જીવંત અને વિશ્વસનીય હોવા જોઈએ.

* સંવાદ કુદરતી અને પાત્રોના સ્વભાવને અનુરૂપ હોવો જોઈએ.

**૫.ભાષાની સમૃદ્ધિ (Richness of Language)**

* ભાષાનો નમ્ર,અસરકારક અને સંવેદનશીલ ઉપયોગ

* કાવ્યમાં અલંકાર, ગદ્યમાં રૂપક,ઉપમા, લય વગેરે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

### ૬.ભાવપ્રવાહ અને સંવેદના (Emotional Depth and Sensitivity)

*કૃતિમાં ભાવાત્મક ઉડાણ હોવું જોઈએ.

* વાંચકના મન પર અસર કરે એવી ભાવવિનિમય ક્ષમતા હોવી જોઈએ.

### ૭. સમાજસાંસ્કૃતિક સંદર્ભ (Socio-Cultural Relevance)

* કૃતિ પોતાના સમયમાં અને સમાજ સાથે સંકળાયેલી હોવી જોઈએ.

* સમાજમાં પરિવર્તન લાવવાના તત્વો હોવા જોઈએ.

### ૮. રચનાત્મક બંધારણ ( Structural Coherence)

* કૃતિમાં એકતાપૂર્વક વ્યવસ્થિત અને સળંગ પ્રવાહ હોવો જોઈએ.

* આરંભ, મધ્ય અને અંતમાં ગતિશીલતા અને સંગ્રહિત સંદેશ હોવો જોઈએ.

### ૯. નૈતિક અને ત્તાત્વિક મૂલ્યો (Moral and Philosophical Values)

*કૃતિ નૈતિક મૂલ્યો અને જીવનના ત્તાત્વિક પ્રશ્નો પર પ્રકાશ નાંખતી હોવી જોઈએ.

* વિચાર્શીલ્તાનું સ્તર ઊંડું હોવું જોઈએ.

* ડિજિટલ  રીડીંગના ફાયદા :–

ડિજિટલ  રીડિંગના ઘણા ફાયદા છે.

### ૧. સુલભતા અને પોર્ટેબિલિટી:–

* તમે એક જ ડિવાઈસ ( મોબાઇલ, ટેબલેટ,કમ્પ્યુટર, ઈ–રીડર) માં હજારો પુસ્તકો, આર્ટીકલ્સ, મેગેઝીન વગેરે સ્ટોર કરી શકાય છે.

- તમારા સાથે કેવળ એક ડિવાઈસ રાખવું પડે, વિશાળ પુસ્તકો સાથે જવાની જરૂર નથી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**૨. ફોન્ટ અને લાઈટ એડજસ્ટમેન્ટ :–**

* દ્રષ્ટી પ્રમાણે ફોન્ટની સાઈઝ વધારી– ઘટાડી શકાય છે.

* નાઈટ મોડ, ડાર્કમોડ, બ્રાઇટનેસ એડજસ્ટ કરવા જેવી સુવિધાઓ હોય છે., જેના કારણે આંખો પર ઓછો ભાર પડે છે.

**૩. ઈન્ટરએક્ટિવ ફીચર્સ :–**

* વાંચન દરમિયાન શબ્દોની ડેફીનેશન જોઈ શકાય છે.

* હાઈલાઈટ, નોટ્સ,બુકમાર્ક અને શોધ જેવી સુવિધાઓ વાંચનને વધુ સરળ બનાવે છે.

**૪. પર્યાવરણ પર ઓછો ભાર:–**

* ડિજિટલ પુસ્તક માટે કાગળની જરૂર પડતી નથી, જેથી વૃક્ષો કાપવાની જરૂર પડતી નથી. અને પર્યાવરણ પણ સુરક્ષિત રહે છે.

**૫. તાત્કાલિક ઉપલબ્ધતા:–**

* તમે દુનિયાના કોઈપણ ખૂણે બેસી કોઈપણ પુસ્તક તરત ડાઉનલોડ કરી શકો છો.

* અનેક ફ્રી પુસ્તકો પણ ઓનલાઈન સરળતાથી મળી જાય છે.

**૬. ઓછી કિંમત:–**

* ઘણા ડિજિટલ પુસ્તકો ભૌતિક પુસ્તકો કરતા સસ્તા હોય છે.

*કેટલાક સંસાધનો જેમ કે (Project, Gutenberg, Google Books) પરથી પુરાતન પુસ્તકો મફતમાં મળે છે.

**૭. શિક્ષણ માટે વધુ અસરકારક :–**

* ઇન્ટરએક્ટિવ સામગ્રી, વિડીયો, લિંક,અને ઓડિયોની મદદથી શીખવાનો વધુ સમૃદ્ધ અનુભવ મળી રહે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

## નિષ્કર્ષ:–

ડિજિટલ રીડીંગ એક આધુનિક વાંચનની પ્રગટતી રીત છે. એ સાહિત્યના પ્રસારમાં અત્યંત અસરકારક છે. પરંતુ તેની સાહિત્યિક ગુણવત્તા જાળવવી વધુ મહત્વપૂર્ણ છે. વાંચન માત્ર માહિતી મેળવવા માટે નહિ, પરંતુ ભાવનાત્મક અને માનસિક વૃદ્ધિ માટે પણ હોવું જોઈએ.ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરીએ તો ડિજિટલ વાંચન સાહિત્યના શ્રુંગાર તરીકે સાબિત થઇ શકે છે.